# પ્રસાર ભારતી

# નેશનલ સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

તારીખ : 16-03-2024 સાંજે : 7.50 થી 8.00

વાર : શનિવાર

આકાશવાણી સમાચાર **નિશા શ્રીમાળી** વાંચે છે.

************************************************

- દેશમાં સાત તબક્કામાં યોજાનાર લોકસભા સામાન્ય ચૂંટણીનો કાર્યક્રમ જાહેર કરાયો - ચોથી જૂને મતગણતરી યોજાશે
- કેટલીક રાજ્યોની વિધાનસભાઓની ચૂંટણી અને પેટાચૂંટણીના કાર્યક્રમની પણ જાહેરાત કરાઇ
- આજે જાહેર કરાયેલા ચૂંટણી કાર્યક્રમને વિવિધ રાજકીય પક્ષોએ આવકારી
- નવભારત સાક્ષરતા કાર્યક્રમ હેઠળ આવતીકાલે 23 રાજ્યોમાં મૂળભૂત સાક્ષરતા અને સંખ્યાના મૂલ્યાંકન કસોટી – FLNAT યોજાશે.
- રાષ્ટ્રીય અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિ આયોગના ભૂતપૂર્વ સભ્ય અને બૌદ્ધ સાધુ લામા લોબઝાંગનું આજે નવી દિલ્હીમાં નિધન થયું .

************************************************

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

# ECI- LOK SABHA POLLS

આગામી લોકસભા ચૂંટણીનો કાર્યક્રમ જાહેર કરવામાં આવ્યો છે. આ ચૂંટણીઓ સાત તબક્કામાં યોજાશે. ચોથી જૂને મતગણતરી થશે. પ્રથમ તબક્કામાં 102 લોકસભા બેઠકો પર આગામી મહિનાની 19 તારીખે મતદાન થશે. બીજા તબક્કામાં 89 બેઠકો માટે 26 એપ્રિલે, ત્રીજા તબક્કામાં 94 બેઠકો માટે 7 મે, ચોથા તબક્કામાં 96 બેઠકો માટે 13 મે, પાંચમા તબક્કામાં 49 બેઠકો ઉપર 20 મેના રોજ મતદાન થશે, જ્યારે છઠ્ઠા તબક્કામાં 57 બેઠકો પર 25 મે તથા સાતમા અને અંતિમ તબક્કામાં 57 બેઠકો માટે પહેલી જૂને મતદાન થશે. આ ઉપરાંત ચૂંટણી પંચે કેટલાક રાજ્યોમાં વિધાનસભા ચૂંટણીના કાર્યક્રમની જાહેરાત કરી છે. મુખ્ય ચૂંટણી કમિશનર રાજીવ કુમારે વધુ માહિતી આપતા આ મુજબ જણાવ્યુ હતું.

(બાઇટ–1 મુખ્ય ચૂંટણી કમિશનર રાજીવ કુમાર)

મુખ્ય ચૂંટણી કમિશનર રાજીવ કુમારે કહ્યું કે કાર્યક્રમની જાહેરાત સાથે જ ચૂંટણી માટે આદર્શ આચારસંહિતા અમલમાં આવી ગઈ છે. દેશમાં 97 કરોડ નોંધાયેલા મતદારો છે. મતદાન માટે દોઢ કરોડ મતદાન મથકો બનાવવામાં આવ્યા છે જ્યાં દોઢ કરોડ ચૂંટણી કર્મચારીઓ તૈનાત રહેશે. તેમણે કહ્યું કે આ ચૂંટણીઓમાં 1 કરોડ 82 લાખ મતદાતાઓ હશે જેઓ પ્રથમ વખત મતદાન કરશે. શ્રી કુમારે કહ્યું કે આયોગ 85 વર્ષથી વધુ ઉંમરના લોકો અને વિકલાંગોને ઘરેથી મતદાન કરવાની સુવિધા આપશે. શ્રી કુમારે મતદાનનું મહત્વ આ મુજબ જણાવ્યુ.

(બાઇટ–2 મુખ્ય ચૂંટણી કમિશનર રાજીવ કુમાર)

મુખ્ય ચૂંટણી કમિશનરે કહ્યું કે ચૂંટણીમાં રક્તપાત અને હિંસા માટે કોઈ સ્થાન નથી અને જો ક્યાંય હિંસા થશે તો પંચ કડક કાર્યવાહી કરશે. સંબંધિત અમલીકરણ એજન્સીઓને દારૂ, રોકડ, ડ્રગ્સ અને અન્ય પ્રકારની લલચાવનારી વસ્તુઓના વિતરણ પર નિયંત્રણ રાખવા માટે સૂચના આપવામાં આવી છે. તેમણે કહ્યું કે કમિશને રોકડના ટ્રાન્સફર પર ચાંપતી નજર રાખવાની સૂચનાઓ પણ આપી છે. વર્તમાન લોકસભાનો કાર્યકાળ આ વર્ષે 16 જૂને પૂરો થઈ રહ્યો છે.  મુખ્ય ચૂંટણી કમિશનરે સિક્કિમ, ઓડિશા, આંધ્રપ્રદેશ અને અરુણાચલ પ્રદેશમાં વિધાનસભા ચૂંટણીના કાર્યક્રમની પણ જાહેરાત કરી હતી.

# WPL EC POLL – REACTION

આજે જાહેર કરાયેલી લોકસભા અને કેટલીક રાજ્યોની વિધાનસભાઓની ચૂંટણીના કાર્યક્રમની જાહેરાતને વિવિધ રાજકીય પક્ષોએ આવકારી છે. ભારતીય જનતા પાર્ટીના વરિષ્ઠ નેતા અને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું છે કે ભાજપ અને એનડીએ ચૂંટણી માટેસંપૂર્ણ રીતે તૈયાર છે.

એક સોશિયલ મીડિયા પોસ્ટમાં, શ્રી મોદીએ કહ્યું કે ભારતીય જનતા પાર્ટી તેના સુશાસન અને તમામ ક્ષેત્રોમાં કરેલા કામના રેકોર્ડના આધારે લોકોનો સંપર્ક કરશે. શ્રી મોદીએ કહ્યું કે કરોડો લોકોને ગરીબીમાંથી મુક્ત કરવામાં આવ્યા છે અને સરકારી યોજનાઓ દેશના તમામ ભાગોમાં પહોંચી છે. તેમણે કહ્યું કે ગરીબી અને ભ્રષ્ટાચાર સામેની લડાઈ તેમના ત્રીજા કાર્યકાળમાં વધુ તીવ્રતા સાથે ચાલુ રહેશે.

ભાજપ અધ્યક્ષ જેપી નડ્ડાએ કહ્યું કે ચૂંટણી એ લોકશાહીનો સૌથી મોટો તહેવાર છે. તેમણે દેશની જનતાને મોટી સંખ્યામાં મતદાન કરવા અને વિશ્વની સૌથી મોટી લોકશાહીના પાયાને મજબૂત કરવા હાકલ કરી હતી.

કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેએ કહ્યું કે લોકસભા ચૂંટણી ભારત માટે ન્યાયના દરવાજા ખોલશે. તેમણે કહ્યું કે કદાચ લોકશાહીને બચાવવાની આ છેલ્લી તક હશે.

તો આમ આદમી પાર્ટીના નેતા ગોપાલ રાયે ચૂંટણીની તારીખોની જાહેરાતનું સ્વાગત કરતાં કહ્યું કે પાર્ટી સંપૂર્ણ રીતે તૈયાર છે અને INDIA ગઠબંધન સંપૂર્ણ શક્તિ સાથે ચૂંટણી લડશે.

# FLNAT EXAM

નવભારત સાક્ષરતા કાર્યક્રમ હેઠળ આવતીકાલે 23 રાજ્યોમાં મૂળભૂત સાક્ષરતા અને સંખ્યાના મૂલ્યાંકન કસોટી – FLNAT યોજાશે. કેન્દ્રીય શિક્ષણ મંત્રાલયે કહ્યું છે કે લગભગ 37 લાખ વિદ્યાર્થીઓ આ મહત્વપૂર્ણ દેશવ્યાપી મૂલ્યાંકન પરીક્ષામાં ભાગ લેશે. FLNAT તમામ સહભાગી રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોના તમામ જિલ્લાઓમાં હાથ ધરવામાં આવશે. મૂલ્યાંકન કસોટી ત્રણ વિષયોને વાંચન, લેખન અને સંખ્યા જ્ઞાનને આવરી લે છે.

મંત્રાલયે કહ્યું છે કે આ પરીક્ષા રાષ્ટ્રીય શિક્ષણ નીતિ 2020ના આધારે તમામ વિદ્યાર્થીઓની પ્રાદેશિક ભાષાઓમાં લેવામાં આવશે. આ વખતે ચંદીગઢ, પુડુચેરી, લક્ષદ્વીપ અને ગોવા FLNAT દ્વારા 100 ટકા સાક્ષરતા જાહેર કરી શકે છે. નવભારત સાક્ષરતા કાર્યક્રમ હેઠળ આયોજિત શિક્ષણ-અધ્યયન સત્રોની અસરનું મૂલ્યાંકન કરવા માટે આ કસોટી મહત્વપૂર્ણ છે. આ પરીક્ષા પાસ કરનાર વિદ્યાર્થીઓને પાયાની સાક્ષરતા અને સંખ્યાના કૌશલ્યોની પ્રાપ્તિ અંગે પ્રમાણપત્રો આપવામાં આવશે.

# CBI-ED

કેન્દ્રિય તપાસ સંસ્થા - CBI ધરપકડ કરાયેલા તૃણમૂલ કોંગ્રેસના નેતા શેખ શાહજહાંના ભાઈ શેખ આલમગીરની પૂછપરછ માટે આજે કોલકાતાના નિઝામ પેલેસ પહોંચી છે. સંદેશખાલીમાં 5 જાન્યુઆરીએ ઈડીના અધિકારીઓ પર થયેલા હુમલાના કેસમાં સીબીઆઈએ તેમને પૂછપરછ માટે બોલાવ્યા છે. શાહજહાંના નજીકના સાથી મફીઝુર મોલનહ અને અન્ય 15 લોકોને પણ પૂછપરછ માટે બોલાવવામાં આવ્યા છે.

દરમિયાન, ઈડીએ શેખ શાહજહાંના ભાઈ શેખ આલમગીર અને શેખ સિરાજુદ્દીનને પણ પશ્ચિમ બંગાળ રાશન કૌભાંડ કેસમાં 21 માર્ચે પૂછપરછ માટે સમન્સ મોકલ્યા છે.

# TRIBAL LEADER LAMA LOBZANG PASSES AWAY

રાષ્ટ્રીય અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિ આયોગના ભૂતપૂર્વ સભ્ય અને લદ્દાખના જાણીતા બૌદ્ધ સાધુ લામા લોબઝાંગનું આજે સવારે નવી દિલ્હીમાં તેમના નિવાસસ્થાને નિધન થયું છે. તેઓ 94 વર્ષના હતા.

એક પ્રતિષ્ઠિત આદિવાસી નેતા શ્રી લોબઝાંગે 1984 થી 19 વર્ષ સુધી રાષ્ટ્રીય અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિ આયોગમાં સેવા આપી હતી. જ્યારે આ આયોગને બંધારણની કલમ 338 માં સુધારા દ્વારા બંધારણીય બનાવવામાં આવ્યું, ત્યારે લોબઝાંગને 1995 થી 1998 અને 1998 થી 2001 સુધી બે ટર્મ માટે સભ્ય તરીકે નિયુક્ત કરવામાં આવ્યા. તેઓ 2004 થી 2007 દરમિયાન આયોગના સભ્ય તરીકે વધુ એક ટર્મ સેવા આપ્યા પછી જાહેર જીવનમાંથી નિવૃત્ત થયા. લદ્દાખના લેફ્ટનન્ટ ગવર્નર ડૉ.બી.ડી. મિશ્રાએ લામા લોબઝાંગના નિધન પર શોક વ્યક્ત કર્યો છે.

# DUBAI-G42

અબુ ધાબીના અગ્રણી ટેક્નોલોજી જૂથ, G42 એ કૃત્રિમ બુધ્ધિમત્તા ક્ષેત્રમા કાર્યરત અગ્રણી કંપની સેરેબ્રસ સિસ્ટમ્સ સાથે ભાગીદારી કરી છે. આ અંતર્ગત સુપર કોમ્પ્યુટર કોન્ડોર ગેલેક્સી 3  બનાવશે. કોન્ડોર ગેલેક્સી3 AI સુપર કોમ્પ્યુટરની શ્રેણીમાં ત્રીજું અને સૌથી શક્તિશાળી સુપર કોમ્પ્યુટર છે. તે અગાઉના ઉત્પાદનો કરતાં બમણી મહેનત કરવાનો દાવો કરે છે.

G42 ના ગ્રૂપ સીટીઓ કિરીલ એવટીમોવે જણાવ્યું હતું કે કોન્ડોર ગેલેક્સી 3 સાથે કંપની વૈશ્વિક AI કમ્પ્યુટિંગ લેન્ડસ્કેપમાં પરિવર્તન લાવવાના તેના સંયુક્ત વિઝનને હાંસલ કરવાનું ચાલુ રાખી રહી છે.

# K KAVITA – ED

દિલ્હીની એક અદાલતે ભારત રાષ્ટ્ર સમિતિ-બીઆરએસના નેતા કે. કવિતાને દિલ્હી આબકારી નીતિ મામલે 23 માર્ચ સુધી ઈડીની કસ્ટડીમાં મોકલવામાં આવ્યા છે.

ઇડીએ ગઈકાલે શ્રીમતી કવિતાની ધરપકડ કરી હતી અને દસ દિવસના રિમાન્ડની માંગણી કરી હતી. તેમના પર દિલ્હી એક્સાઈઝ પોલિસી કેસમાં આમ આદમી પાર્ટીના ટોચના નેતાઓ સાથે ષડયંત્ર રચવાનો આરોપ છે.

# EVE KALABURGI - PM PUBLIC RALLY

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ લોકસભાની ચૂંટણી દરમિયાન ભ્રષ્ટાચારને દૂર કરવા અને  વિકાસ લાવવા માટે લોકો પાસેથી સમર્થન માંગ્યું છે. આજે કર્ણાટકના કલાબુર્ગીમાં એક જાહેર સભાને સંબોધતા શ્રી મોદીએ કહ્યું કે કર્ણાટકમાં આયુષ્માન ભારત યોજના હેઠળ 80 લાખ લોકોએ લાભ લીધો છે અને 75 લાખ પરિવારોને જલજીવન મિશન દ્વારા નળનું પાણી મળ્યું છે. તેમણે કહ્યું કે ઉજ્જવલા યોજના હેઠળ 40 લાખથી વધુ મહિલાઓએ રાંધણ ગેસ કનેક્શન મેળવ્યા છે.

પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળ આઠ લાખ લોકોને મકાનો મળ્યા. તેમણે કહ્યું કે કર્ણાટકમાં તુવેર દાળ માટે ટેકાના ભાવ લાગુ કરવામાં આવ્યા અને કલ્યાણા કર્ણાટક ક્ષેત્રને નાણાકીય સહાય મળી. તેમણે કર્ણાટકને કૃષિ અને ઔદ્યોગિક હબ બનાવવાની મોદીની ગેરંટી ખાતરી આપી હતી. શ્રી મોદીએ કોંગ્રેસ સરકાર પર રાજ્યમાં લૂંટ અને કુશાસનમાં વ્યસ્ત હોવાનો આરોપ લગાવ્યો. તેમણે કહ્યું કે કર્ણાટક સરકાર કાયદો અને વ્યવસ્થા જાળવવામાં નિષ્ફળ રહી છે.